સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં.1 મેગેઝિન

# ICE® MAGIC

## WEEKLY CURRENT AFFAIRS

WEEK 23

JUNE 2024
02-06-24 TO 08-06-24

:::::: સંપાદક ::::::
મૌલિક ગોંધિયા
















સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને **ફ્રી મટીરિયલ્સ** તેમજ **રેગ્યુલર કરંટ અફેર્સ** મેળવવા માટે ક્લિક કરો.

ICE Rajkot | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**02 JUN-2024**


- Red Flag 24 Exercise ........ 02
- વિવેકાનંદ રોક મેમોરિયલ ........ 02
- ક્લાઉડિયા શેનબૌમ મેક્સિકોના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા ........ 03
- QUESTION ANSWERS ........ 04


**03 JUN-2024**


- દિવસ મહિમા : 03 જૂન, વિશ્વ સાયકલ દિવસ (World Bicycle Day) ........ 05
- 2024ના વર્ષ માટે દેશનો આર્થિક વૃદ્ધિ દર ........ 05
- આરોગ્ય પ્રમોશન માટે નેલ્સન મંડેલા પુરસ્કાર ........ 07
- QUESTION ANSWERS ........ 08


**04 JUN-2024**


- દિવસ મહિમા : 04 જૂન, આક્રમણનો ભોગ બનેલા નિર્દોશ બાળકોનો આંતરરાષ્ટ્રીય દિવસ ........ 09
- OPEC + તેલ ઉત્પાદનમાં ઘટાડો કરવાનું ચાલુ રાખશે ........ 09
- સુનકોશી નદી (Sunkoshi River) ........ 10
- અહિલ્યાબાઈ હોલ્કરની 300મી જન્મજયંતિ ........ 11
- ચીનનું Chang'e - 6 અવકાશયાન ........ 12
- QUESTION ANSWERS ........ 13


**05 JUN-2024**


- દિવસ મહિમા : 05 જૂન, વિશ્વ પર્યાવરણ દિવસ (World Environment Day) ........ 14
- પ્રવાહ સોફ્ટવેર ........ 15
- મિનિટમેન III મિસાઈલ : અમેરિકા ........ 16
- ઈન્દિરા ગાંધી ઝૂઓલોજિકલ પાર્ક (IGZP) ........ 16
- આઈસલેન્ડના આગામી રાષ્ટ્રપતિ તરીકે હલ્લા ટોમસદોત્તિર ચૂંટાયા ........ 17
- QUESTION ANSWERS ........ 18


**06 JUN-2024**


- દિવસ મહિમા : 06 જૂન, રશિયન ભાષા દિવસ (Russian Language Day) ........ 19
- શ્રી દિનેશ કાર્તિકે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી ........ 19
- બ્લેઝ સ્ટાર (Blaze Star) ........ 20
- મહારાણી મંદિર : જમ્મુ-કાશ્મીર ........ 20
- QUESTION ANSWERS ........ 21


**07 JUN-2024**


- દિવસ મહિમા : 07 જૂન, વિશ્વ અન્ન સુરક્ષા દિવસ (World Food Safety Day) ........ 22
- QS World University Rankings 2025 ........ 22
- રશિયન અવકાશયાત્રી અવકાશમાં 1000 દિવસ વિતાવનાર પ્રથમ વ્યક્તિ બન્યા ........ 24
- QUESTION ANSWERS ........ 25


**08 JUN-2024**


- દિવસ મહિમા : 08 જૂન, વિશ્વ સમુદ્ર દિવસ (World Oceans Day), વિશ્વ બ્રેઈન ટ્યૂમર દિવસ (World Brain Tumor Day) ........ 26
- 17મી લોકસભાનું વિસર્જન ........ 26
- સુશ્રી પીવી સિંધુ તમાકુ નિયંત્રણ માટે બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્ત ........ 27
- QUESTION ANSWERS ........ 28

ONE LINER ........ 29

QUESTION OF THIS WEEK ........ 33


INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Red Flag 24 Exercise

ભારતીય વાયુસેના (IAF) યુનાઈટેડ સ્ટેટ્સના અલાસ્કામાં 16 દિવસીય બહુ–રાષ્ટ્રીય મેગા લશ્કરી કવાયત 'રેડ ફ્લેગ–24'માં જોડાઈ હતી.

- આ બહુ–રાષ્ટ્રીય સૈન્ય કવાયતનો હેતુ સિમ્યુલેટેડ લડાઈના વાતાવરણમાં વાસ્તવિક તાલીમ આપવાનો છે, જેમાં સહભાગી દળો વચ્ચે આંતરકાર્યક્ષમતા અને તત્પરતા વધારવાનો છે.
- રેડ ફ્લેગ 24 કવાયત 30 મેના રોજ શરૂ થઈ હતી અને 14 જૂન સુધી ચાલશે.
- આ કવાયત માટે ભારતીય વાયુસેનાએ તેના અદ્યતન રાફેલ લડાકુ વિમાનો તૈનાત કર્યા હતા.



- આ અદ્યતન એરક્રાફ્ટની સહભાગિતા અન્ય સહભાગી રાષ્ટ્રો સાથે તાલીમ અનુભવ અને આંતરસંચાલન ક્ષમતામાં વધારો કરશે તેવી અપેક્ષા છે.
- યુએસ પેસિફિક એર ફોર્સિસના જણાવ્યા મુજબ લગભગ 3100 સેવા સભ્યો 'રેડ ફ્લેગ 24'માં ભાગ લેશે.
- આ કવાયતમાં 100 થી વધુ એરક્રાફ્ટની ઉડાન ભરવામાં આવશે.
- સંયુક્ત પેસિફિક અલાસ્કા રેન્જ કોમ્પ્લેક્સમાં 77,000 ચોરસ માઈલથી વધુ એરસ્પેસનો ઉપયોગ કરીને વિવિધ દળોને વાસ્તવિક જોખમી વાતાવરણમાં એકીકૃત કરવા માટે કવાયતોને અનુકૂલિત કરી શકાય છે, જે વિશ્વની સૌથી મોટી લડાઈ પ્રશિક્ષણ શ્રેણી છે.
- 1975થી આ કવાયત યોજાઈ રહી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EX

## વિવેકાનંદ રોક મેમોરિયલ

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 48 કલાક ધ્યાન કરવા અને 2024ની લોકસભા ચૂંટણીની પરાકાષ્ઠા માટે કન્યાકુમારીમાં વિવેકાનંદ રોક મેમોરિયલની મુલાકાત લીધી હતી.

### વિવેકાનંદ રોક મેમોરિયલ વિશે


તે તમિલનાડુના કન્યાકુમારીના એક નાના ટાપુ પર સ્થિત છે.

- વાવાથુરાઈની મુખ્ય ભૂમિથી લગભગ 500 મીટર દૂર સ્થિત બે ખડકોમાંથી એક પર આ સ્મારક ઊભું છે.
- આ ખડક લક્કડાઈવ(લક્કડિવ) સમુદ્રથી ઘેરાયેલો છે, જ્યાં બંગાળની ખાડી, હિંદ મહાસાગર અને અરબી સમુદ્રનો સંગમ થાય છે.

- તે 1970માં સ્વામી વિવેકાનંદના માનમાં બનાવવામાં આવ્યું હતું, જેમણે ખડક પર જ્ઞાન પ્રાપ્ત કર્યું હોવાનું કહેવાય છે.
- તેમાં 'શ્રીપદ મંડપમ' અને 'વિવેકાનંદ મંડપમ'નો સમાવેશ થાય છે.
- પરિસરમાં સ્વામી વિવેકાનંદની કાંસાની પ્રતિમા પણ છે.

નોંધ : (1) લક્કડિવ સમુદ્ર, જેને લક્ષદ્વીપ સમુદ્ર તરીકે પણ ઓળખવામાં આવે છે.
(2) તે ભારત (લક્ષદ્વીપ ટાપુઓ સહિત), માલદીવ્સ અને શ્રીલંકાની સરહદે આવેલ પાણીનો સમૂહ છે.





## ક્લાઉડિયા શેનબૌમ મેક્સિકોના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા

ક્લાઉડિયા શેનબૌમને મેક્સિકોના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટવામાં આવ્યા છે.

- નેશનલ ઈલેક્ટોરલ ઈન્સ્ટિટ્યૂટ અનુસાર શેનબૌમે 58 થી 60% મતોની વચ્ચે જીત મેળવી છે.
- ક્લાઉડિયા શેનબૌમે મોટાભાગે કેથોલિક દેશના પ્રથમ યહૂદી રાષ્ટ્રપતિ અને મેક્સિકોના રાષ્ટ્રપતિ બનનાર પ્રથમ મહિલા તરીકે ઈતિહાસ રચ્યો છે.



- તેઓ આબોહવા નિષ્ણાત છે અને રાષ્ટ્રપતિ બનતા પહેલા મેક્સિકો સિટીના મેયર તરીકે જાણીતા હતા.
- 2007માં મેક્સિકોની ઈન્ટરગવર્નમેન્ટલ સમિતિને નોબેલ પુરસ્કાર મળ્યો હતો, ત્યારે તેઓ તેના સભ્ય હતા.
- નોંધનીય છે કે મેક્સિકોના ચૂંટણી ઈતિહાસમાં આ સૌથી હિંસક ચૂંટણી હોવાનું પણ કહેવામાં આવી રહ્યું છે, BBCના અહેવાલ મુજબ અત્યાર સુધીમાં લગભગ 200 લોકોના મૃત્યુ થયા છે.

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. તાજેતરમાં કયા સ્થળે ‘રેડ ફ્લેગ 24’ નામની બહુ–રાષ્ટ્રીય સૈન્ય કવાયત યોજાઈ હતી ?

(A) અલાસ્કા (B) લંડન (C) વિશાખાપટ્ટનમ (D) કેલિફોર્નિયા — (A)

2. તાજેતરમાં અમેરિકાના અલાસ્કામાં યોજાયેલી ‘રેડ ફ્લેગ 24 કવાયત’નો પ્રાથમિક હેતુ શું છે ?

(A) જમીન આધારિત લશકરી કામગીરી હાથ ધરવી

(B) દરિયાઈ સુરક્ષા માટે 30 થી વધુ દેશોના કોસ્ટગાર્ડ નૌકાદળોને તાલીમ આપવી

(C) અદ્યતન હવાઈ લડાઈ તાલીમ દ્વારા બહુરાષ્ટ્રીય વાતાવરણમાં એર ક્રુને એકીકૃત કરવા

(D) માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત તાલીમ પૂરી પાડવી — (C)


3. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ‘વિવેકાનંદ રોક મેમોરિયલ’ ખાતે 48 કલાક ધ્યાન કર્યુ હતું. આ સ્થળ કયાં આવેલું છે ?

(A) કન્યાકુમારી (B) કોલકાતા (C) લદાખ (D) ભૂવનેશ્વર — (A)

4. ક્લાઉડિયા શેનબૌમ તાજેતરમાં કયા દેશના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બન્યા છે ?

(A) બહામાસ (B) મેક્સિકો (C) બાર્બાડોસ (D) અલ સાલ્વાડોર — (B)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 03 જૂન, વિશ્વ સાયકલ દિવસ (World Bicycle Day)

રોજિંદા જીવનમાં સાયકલના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે સમગ્ર વિશ્વમાં 3 જૂનના રોજ 'વિશ્વ સાયકલ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.




- આ અંતર્ગત 3 જૂન, 2024ના રોજ સાતમાં 'વિશ્વ સાઈકલ દિવસ'ની કરવામાં આવી છે.
- 3 જૂન, 2018ના રોજ પ્રથમ 'વિશ્વ સાયકલ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- આ માટે એપ્રિલ, 2018માં સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભામાં આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- અમેરિકાની મોન્ટેગોમરી કોલેજના પ્રોફેસર શ્રી લેસ્ઝેક સિબિલ્સકી અને તેમના વર્ગના વિદ્યાર્થીઓની અરજીના કારણે આ દિવસની ઉજવણીને મંજૂરી આપવામાં આવી છે.
- આ માટે તેમને તુર્કમેનિસ્તાન સહિત 56 દેશોનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

**નોંધ :** નેધરલેન્ડની રાજધાની એમસ્ટર્ડમમાં આશરે 40 ટકા લોકો કામ પર જતી વખતે સાયકલનો ઉપયોગ કરે છે. સમગ્ર વિશ્વમાં આ સંખ્યા સૌથી વધુ છે.

## 2024ના વર્ષ માટે દેશનો આર્થિક વૃદ્ધિ દર

નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ (NSO) મુજબ નાણાકીય વર્ષ 2023-24માં ભારતનો GDP 8.2% વધ્યો હતો.



- જે ભારતીય રિઝર્વ બેંકના 7.6%ના અંદાજને વટાવી ગયો હતો.
- 1960-61 પછી આ નવમી વખત છે જ્યારે GDP વૃદ્ધિ 8%થી વધી ગઈ છે.
- 2023ના સમાન સમયગાળાની તુલનામાં 7.8% વધારા સાથે ક્વાર્ટર-4 (જાન્યુઆરી-માર્ચ 2024)માં મજબૂત પ્રદર્શન દ્વારા ઉચ્ચ વૃદ્ધિ દર પ્રેરિત હતો.

### NSO

NSOનું પૂરું નામ 'National Statistical Office' (રાષ્ટ્રીય આંકડાકીય કચેરી) છે.

- NSO દેશમાં આંકડાકીય પ્રણાલીના આયોજિત વિકાસ માટે આંકડાશાસ્ત્ર અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય હેઠળ નોડલ એજન્સી તરીકે કામ કરે છે.

- તે સરકાર અને અન્ય વપરાશકર્તાઓની નીતિ, યોજના, દેખરેખ અને વ્યવસ્થાપનના નિર્ણયો કયા આધાર પર છે તેની માહિતી માટે જરૂરી આંકડાકીય માહિતી સેવાઓ પૂરી પાડવા માટેની વ્યવસ્થાના વિકાસ માટે જવાબદાર છે.
- તેની સેવાઓમાં સત્તાવાર આંકડાકીય માહિતી એકત્રિત કરવા, સંગ્રહ કરવા અને પ્રસારિત કરવાનો સમાવેશ થાય છે.

National Statistical Office

- NSOની તમામ વ્યવસાયિક કામગીરીમાં આંતરરાષ્ટ્રીય ધોરણો, કાર્યવાહી અને શ્રેષ્ઠ પ્રથાઓનું પાલન કરવામાં આવે છે.

**નોંધ :** નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ (NSO)માં સેન્ટ્રલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ (CSO), કમ્પ્યૂટર સેન્ટર અને નેશનલ સેમ્પલ સર્વે ઓફિસ (NSSO)નો સમાવેશ થાય છે.

## GDP

GDPનું પૂરું નામ 'Gross Domestic Product' છે.

- જેને ગુજરાતીમાં 'કુલ ઘરેલું ઉત્પાદન' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- કુલ ઘરેલું ઉત્પાદન (GDP) એ દેશના ઘરેલું ક્ષેત્રમાં દેશવાસીઓ તેમજ બિન–નિવાસી વિદેશવાસીઓ દ્વારા એક વર્ષમાં ઉત્પાદિત તમામ અંતિમ વસ્તુઓ અને સેવાઓના કુલ બજાર મૂલ્ય તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે.
- અહીં દેશની ઘરેલું એટલે કે આર્થિક સીમાની અંતર્ગત દેશની ભૌગોલિક, રાજનૈતિક તથા સમુદ્રી સીમા, અંતરીક્ષ, વિશેષ આર્થિક ક્ષેત્ર (Exclusive Economic Zone), વિદેશોમાં રાજનૈતિક કાર્યાલય જેમ કે દૂતાવાસ, ઉચ્ચાયોગ, વાણિજ્યિક દૂતાવાસ તેમજ સૈન્ય અડ્ડાઓ વગેરેનો સમાવેશ થાય છે.
- GDPમાં અંતિમ વસ્તુઓ અને સેવાઓનું મૂલ્ય સામેલ કરવામાં આવે છે. રાષ્ટ્રીય આવકની ગણતરીમાં વચગાળાની ઉત્પાદીત વસ્તુઓ અને સેવાઓનું મૂલ્ય સામેલ કરવામાં આવતું નથી.
- ભારતમાં GDP ત્રિમાસિક અને વાર્ષિક ધોરણે ગણવામાં આવે છે.
- GDPમાં થનારું વાર્ષિક પરિવર્તન અર્થવ્યવસ્થાનો વૃદ્ધિ દર કહેવાય છે.
- આમ GDP કોઈપણ અર્થવ્યવસ્થાના આર્થિક પ્રદર્શનનું સંકેતક છે.
- GDP એ પરિમાણત્મક દષ્ટિકોણ (Quantitative Approach) છે, જેનાથી દેશની આંતરિક ઉત્પાદન શક્તિ વિશે જાણી શકાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) જ્યારે વસ્તુઓ અને સેવાઓનું નાણાકીય મૂલ્ય GDPમાં ચાલુ વર્ષની કિંમતે સામેલ કરવામાં આવે ત્યારે તેને 'સામાન્ય GDP' અથવા 'નજીવી GDP' (Nominal GDP) કહે છે.

(2) સામાન્ય GDPને 'ચાલુ કિંમતે GDP' (GDP at Currunt Price) પણ કહેવામાં આવે છે. અહીં ચાલુ વર્ષની કિંમત એટલે વર્ષની કિંમત જેમાં GDP અંદાજિત કરવામાં આવ્યું છે.

(3) જ્યારે વસ્તુ અને સેવાઓનું નાણાકીય મૂલ્ય GDPમાં આધાર વર્ષની કિંમતે સામેલ કરવામાં આવે ત્યારે તેને 'વાસ્તવિક GDP' (Real GDP) કહે છે.

## આરોગ્ય પ્રમોશન માટે નેલ્સન મંડેલા પુરસ્કાર

તાજેતરમાં નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેન્ટલ હેલ્થ એન્ડ ન્યુરો સાયન્સ (NIMHANS), બેંગ્લુરુને વર્ષ 2024 માટે વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા આરોગ્ય પ્રમોશન માટે પ્રતિષ્ઠિત નેલ્સન મંડેલા પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે.

- તે માનસિક સ્વાસ્થ્ય પડકારોનો સામનો કરવા અને તમામ માટે સુલભ માનસિક સ્વાસ્થ્ય સેવાઓ સુનિશ્ચિત કરવા માટે દેશની પ્રતિબદ્ધતા દર્શાવે છે.
- NIMHANS ક્લિનિકલ કેર, શિક્ષણ (અંડરગ્રેજ્યુએટ, અનુસ્નાતક, પીએચડી પ્રોગ્રામ્સ) અને સંશોધન દ્વારા માનસિક સ્વાસ્થ્ય અને ન્યુરોસાયન્સ બંને પર ધ્યાન કેન્દ્રિત કરતી બહુ–શિસ્ત સંસ્થા છે.
- તેની સ્થાપના 1974માં કરવામાં આવી હતી અને 1994માં ડીમ્ડ યુનિવર્સિટી જાહેર કરી હતી.
- તે NIMHANS એક્ટ, 2012 શિર્ષક ધરાવતા સંસદના અધિનિયમ દ્વારા સંચાલિત છે.
- 2012માં રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા જાહેર કરવામાં આવી હતી.

**નોંધ :** આરોગ્ય પ્રમોશન માટે નેલ્સન મંડેલા પુરસ્કારની સ્થાપના, 2019માં થઈ હતી. આ પુરસ્કાર આરોગ્ય પ્રમોશનમાં મહત્ત્વપૂર્ણ યોગદાનનું સન્માન કરે છે.




INSTITUTE FOR COMPETITIVE EXAMS

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. ‘વિશ્વ સાયકલ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 1 જૂન (B) 2 જૂન (C) 3 જૂન (D) 4 જૂન (C)

2. કયા વર્ષે સૌપ્રથમ ‘વિશ્વ સાયકલ દિવસ’ની ઉજવણી કરવામાં આવી હતી ?

(A) 2018 (B) 2017 (C) 2016 (D) 2015 (A)

3. નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ (NSO)ના કામચલાઉ અંદાજ મુજબ 2023-24માં ભારતીય અર્થતંત્રનો વિકાસ દર કેટલો હતો ?

(A) 7.6% (B) 8.2% (C) 6.6% (D) 5.1% (B)

4. GDPનું પૂરું નામ જણાવો ?

(A) Gross Domestic Product (B) Goods Domestic Product

(C) Goods Dynamic Product (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં (A)

5. ભારતની ‘કુલ ઘરેલું ઉત્પાદન’ (Gross Domestic Product)ની ગણતરી કરવા માટે કઈ સંસ્થા જવાબદાર છે ?

(A) ભારતીય આંકડાકીય સંસ્થા (B) ભારતીય રિઝર્વ બેંક

(C) રાષ્ટ્રીય આંકડાકીય કચેરી (D) વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય (C)

6. તાજેતરમાં કઈ તબીબી સંસ્થાએ WHO દ્વારા ‘આરોગ્ય પ્રમોશન માટે નેલ્સન મંડેલા એવોર્ડ’ જીત્યો છે ?

(A) NIMHANS, બેંગ્લુરુ (B) KGMU, લખનૌ

(C) CMC, મુંબઈ (D) AIIMS, દિલ્હી (A)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 04 જૂન, આક્રમણનો ભોગ બનેલા નિર્દોશ બાળકોનો આંતરરાષ્ટ્રીય દિવસ

## OPEC + તેલ ઉત્પાદનમાં ઘટાડો કરવાનું ચાલુ રાખશે

OPEC + એ ઘટતી માંગ, ઊંચા વ્યાજદરો અને વધતા યુએસ આઉટપુટ વચ્ચે ભાવને ટેકો આપવા માટે બજારની અપેક્ષાઓને અનુરૂપ 2025 સુધી નોંધપાત્ર તેલ ઉત્પાદન કાપ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો છે.

- OPEC + સભ્યો હાલમાં કુલ 5.86 મિલિયન બેરલ પ્રતિ દિવસ (bpd) અથવા વૈશ્વિક માંગના લગભગ 5.7 ટકા જેટલો આઉટપુટ ઘટાડી રહ્યા છે.
- 2 જૂનના રોજ OPEC + 2025ના અંત સુધી 3.66 મિલિયન bpdના કટને એક વર્ષ સુધી લંબાવવા અને સપ્ટેમ્બર 2024ના અંત સુધી ત્રણ મહિના સુધી 2.2 મિલિયન bpdના કાપને લંબાવવા સંમત થયા છે.

### OPEC




14 સપ્ટેમ્બર, 1960ના રોજ ઈરાકના બગદાદમાં પ્રથમ પાંચ સભ્યો ઈરાન, ઈરાક, સાઉદી અરેબિયા અને વેનેઝુએલા દ્વારા OPECની સ્થાપના કરવામાં આવી હતી.

- તેનું પૂરું નામ 'Organization of the Petroleum Exporting Counries' છે.
- તેનું વડું મથક ઓસ્ટ્રિયાના વિયેના ખાતે આવેલું છે.
- OPECમાં વર્તમાન 12 સભ્યો દેશોનો સમાવેશ થાય છે.
- આ 12 સભ્ય દેશોમાં અલ્જેરિયા, કોંગો, વિષુવવૃત્તીય ગિની, ગેબોન, ઈરાન, ઈરાક, કુવૈત, લિબિયા, નાઈજીરીયા, સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમિરાત અને વેનેઝુએલાનો સમાવેશ થાય છે.
- OPEC અન્ય 10 સંલગ્ન મુખ્ય તેલ ઉત્પાદકો દેશો સાથે OPEC + તરીકે ઓળખાય છે.
- OPEC + દેશોમાં અઝરબૈજાન, બહેરિન, બ્રુનેઈ, કઝાકિસ્તાન, મલેશિયા, મેક્સિકો, ઓમાન, રશિયા, દક્ષિણ સુદાન અને સુદાન સહિત 12 OPEC સભ્ય દેશોનો સમાવેશ થાય છે.
- આ સંસ્થાનો હેતુ તેના સભ્યો દેશોની પેટ્રોલિયમ નીતિઓનું સંકલન કરવાનો છે અને ગ્રાહકને પેટ્રોલિયમનો કાર્યક્ષમ, આર્થિક અને નિયમિત પુરવઠો સુનિશ્ચિત કરવા તેલ બજારોની સ્થિરતા સુનિશ્ચિત કરવાનો છે.
- વર્ષ 2018ના અંદાજ અનુસાર તેઓ વિશ્વના લગભગ 40% ક્રૂડ તેલ અને 80% ટકા વિશ્વના તેલ ભંડાર ધરાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સુનકોશી નદી (Sunkoshi River)

PLEASE (Plastic Free Rivers and Seas of South Asia) પ્રોગ્રામ હેઠળ તાજેતરમાં સુનકોશી નદીના કાંઠા અને કચરાના હોટસ્પોટ્સમાંથી 24,575 કિલો કચરો દૂર કરતી નદી સફાઈ અભિયાન પૂર્ણ કર્યુ હતું.

### સુનકોશી નદી



સુનકોશી અથવા સુનકોસી નદીને 'River of Gold' તરીકે પણ ઓળખવામાં આવે છે.

- તે નેપાળની એક નદી છે જે પૂર્વ–મધ્ય નેપાળમાં જોડાતી સાત (સપ્ત) નદીઓ દ્વારા રચાયેલી કોશી અથવા સપ્તકોશી નદી પ્રણાલીનો એક ભાગ છે.
- સુનકોશીનો જળસ્ત્રોત તિબેટમાં ઝાંગઝાંગબો ગ્લેશિયરમાં આવેલો છે, જે સપ્તકોશી નદીમાં ભળી જાય છે.
- તે નેપાળમાં રાફ્ટિંગ માટે સૌથી લાંબી અને સૌથી લોકપ્રિય નદીઓમાંથી એક છે અને તે તેના પડકારરૂપ રેપિડ્સ માટે જાણીતી છે.
- તે પૂર્વી નેપાળના મોટા ભાગના વોટરશેડ બનાવે છે.

### કોશી નદી વિશેના મુખ્ય તથ્યો

કોશી અથવા કોસી નદી એ એક સીમાવર્તી નદી છે, જે ચીન, નેપાળ અને ભારતમાંથી વહે છે.

- તે ગંગા નદીની એક અગ્રણી ઉપનદી છે.
- કોસી નદીનો ઉદ્ભવ તિબેટીયન ઉચ્ચ પ્રદેશમાંથી થાય છે.
- કોસી નદીને નેપાળમાં મધ્ય હિમાલયને પાર કર્યા પછી પશ્ચિમ તરફથી 'સુનકોસી' અને પૂર્વ તરફથી 'તામુરકોસી' નદીઓ આવીને મળે છે.
- કોસીને અહીં તામાકોસી, ઈન્દ્રવતી, અરૂણ, દૂધકોસી અને લીખુ નદી આવીને મળે છે. જેમાં અરૂણ મુખ્ય છે.
- અરૂણ નદીને પુંગચું પણ કહેવામાં આવે છે.
- કોસી નદી ભારતમાં મધ્યગંગાના મેદાનમાં આવેલ બિહાર રાજ્યમાંથી પ્રવેશે છે.
- કોસી નદી ભયંકર જળપ્લાવન અને માર્ગ બદલવા માટે પ્રસિદ્ધ છે, જેના કારણે બિહારમાં વારંવાર પુર આવે છે.
- આથી કોસી નદીને 'બિહારનું દુ:ખ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ નદીની કુલ લંબાઈ આશરે 729 કિ.મી. છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS ICE ®

## અહિલ્યાબાઈ હોલ્કરની 300મી જન્મજયંતિ

એક મહાન પ્રશાસક અને આધ્યાત્મિક વલણ ધરાવતા સ્વપ્નદ્રષ્ટા મરાઠા રાણી અહિલ્યા બાઈ હોલ્કર(અહલ્યાબાઈ)ની તાજેતરમાં 300મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી.

### અહિલ્યાબાઈ હોલ્કર



અહિલ્યાબાઈનો જન્મ 31 મે, 1725ના રોજ અહમદનગર જિલ્લા (મહારાષ્ટ્ર)ના ચોંડી ગામમાં થયો હતો.

- તેમના પિતાનું નામ મંકોજી શિંદે અને માતાનું નામ સુશીલા શિંદે છે.
- તેમના પિતા મંકોજી રાવ શિંદે ગામના વડા હતા અને તેમણે અહિલ્યાબાઈને વાંચતા અને લખતા શિખડાવ્યું હતું.
- 1733માં તેમણે ખાંડે રાવ હોલકર સાથે લગ્ન કર્યા હતા.
- તેમના પતિ ખંડેરાવ હોલકર 1754માં કુંભેરના યુદ્ધમાં માર્યા ગયા હતા.
- ત્યારબાદ 12 વર્ષ પછી તેમના સસરા મલ્હારરાવ હોલકરનું અવસાન થયું હતું.
- તેમના એકમાત્ર પુત્ર પુરુષ રાવ હોલકર 1766માં અહલ્યાબાઈના શાસન હેઠળ ઈન્દોરના શાસક બન્યા હતા. પરંતુ થોડા મહિનામાં જ તેમનું મૃત્યુ થયું હતું.
- નોંધનીય છે કે તેમણે તેના સસરાના માર્ગદર્શન હેઠળ વહીવટી અને લશ્કરી વ્યૂહરચનાઓમાં શ્રેષ્ઠતા મેળવી હતી, જેઓ માનતા હતા કે ખાંડે રાવના અવસાન પછી સતી દ્વારા મૃત્યુ પામવાને બદલે તેણીએ તેના લોકોનું નેતૃત્વ કરવું જોઈએ.
- સામ્રાજ્ય અને તેના લોકોના કલ્યાણને ધ્યાનમાં રાખીને, તેણીએ પેશવાને વિનંતી કરી કે તેણીને માળવાનું શાસન સંભાળવાની મંજૂરી આપે.
- જોકે ઘણા લોકોએ તેનો વિરોધ કર્યો હતો, તેમ છતા તેમને સૈન્ય સમર્થન હતું.
- 11 ડિસેમ્બર, 1767ના રોજ તેમણે સિંહાસન સંભાળ્યું અને ઈન્દોરના શાસક બન્યા હતા.
- આગામી 28 વર્ષ સુધી મહારાણી અહલ્યાબાઈએ માળવામાં ન્યાયી, સમજદાર અને જ્ઞાની રીતે શાસન કર્યુ હતું.
- તેમણે મહેશ્વર (મધ્યપ્રદેશમાં)ને હોલકર વંશની રાજધાની બનાવી હતી.
- તેમણે ધર્મનો સંદેશ ફેલાવવામાં અને ઔદ્યોગિકિકરણનો પ્રચાર કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.
- તેમણે મહેશ્વરમાં કાપડ ઉદ્યોગની સ્થાપના કરી હતી, જે આજે તેની મહેશ્વરી સાડીઓ માટે ખૂબ પ્રખ્યાત છે.
- તેમણે તેના શાસન દરમિયાન પક્ષપાત વિના ન્યાયી રીતે ન્યાય આપવા માટે પ્રતિષ્ઠા મેળવી હતી.
- તેમણે સમગ્ર ભારતમાં સેંકડો મંદિરો અને ધર્મશાળાઓ બંધાવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®


- તેમનું નોંધપાત્ર યોગદાન 1780માં પ્રખ્યાત કાશી વિશ્વનાથ મંદિરનું નવીનીકરણીય અને સમારકામ હતું.
- નોંધનીય છે કે તેમણે સોમનાથ મંદિરનો પણ જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.
- તેમના શાસન દરમિયાન તેમણે મહત્ત્વપૂર્ણ નિર્ણયો પણ લીધા હતા, જેમાં નિ:સંતાન વિધવાઓની મિલકત જપ્ત કરતા પરંપરાગત કાયદાને દૂર કરવાનો સમાવેશ થાય છે.
- બ્રિટિશ ઈતિહાસકાર જ્હોન કીએ તેમને 'ધ ફિલોસોફર ક્વીન'નું બિરુદ આપ્યું હતું.
- સંસ્કૃત વિદ્વાન ખુશાલી રામ તેમના વંશના દરબારી હતા.
- 13 ઓગસ્ટ, 1795ના રોજ તેમનું નિધન થયું હતું.

**નોંધ :** 'દેવી અહિલ્યાબાઈ હોલકર એરપોર્ટ' ઈન્દોર ખાતે આવેલું છે.

## ચીનનું Chang'e - 6 અવકાશયાન

તાજેતરમાં ચીનના Chang'e - 6 અવકાશયાનએ ચંદ્રના દુરસ્થ ભાગમાંથી ખડક અને માટીના નમૂનાઓ સફળતાપૂર્વક એકત્રિત કર્યા હતા અને ચંદ્રની સપાટી પરથી ઉડાન ભરીને પૃથ્વી પર પાછા ફર્યા હતા.

- અવકાશયાનનું ઉતરાણ સ્થળ દક્ષિણ ધ્રુવ–એટકેન બેસિન હતું, જે 4 અબજ વર્ષ પહેલા રચાયેલ ખાડો છે, તે 13 કિલોમીટર ઊંડો અને 25,00 કિ.મી. વ્યાસ ધરાવે છે.
- નોંધનીય છે કે ચંદ્રયાન-3નું ઉતરાણ સ્થળ ચંદ્રના દક્ષિણ ધ્રુવની નજીક હતું.
- ચંદ્રની દૂરની બાજુના મિશન પડકારજનક છે કારણ કે તેમાં પૃથ્વી સાથે સીધો સંચાર નથી, આ માટે રિલે ઉપગ્રહોની જરૂર પડે છે, અને અહિયા ઓછી સંખ્યામાં સપાટ ઉતરાણ વિસ્તારો અને બિન–આર્થિક ભૂપ્રદેશ છે.
- આ મિશન Chang'e મૂન એક્સપ્લોરેશન પ્રોગ્રામનું છઠ્ઠુ મિશન છે, જેનું નામ 'ચીનની ચંદ્રમા દેવી' (Chinese Moon Goddess)ના નામ પરથી રાખવામાં આવ્યું છે.
- ચીનનું લક્ષ્ય 2030 પહેલા ચંદ્ર પર અવકાશયાત્રીઓને ઉતારવાનું છે અને આ મિશન તે લક્ષ્ય તરફ એક મહત્ત્વપૂર્ણ પગલું છે.



INSTITUTE FOR COMPETITIVE EXAMS

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'આક્રમણનો ભોગ બનેલા નિર્દોષ બાળકોના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 2 જૂન (B) 3 જૂન (C) 4 જૂન (D) 5 જૂન (C)

2. તાજેતરમાં સમાચારમાં રહેલ 'OPEC' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેનું પૂરું નામ 'Organization of the Petroleum Exporting Countries' છે.
2. OPECમાં વર્તમાન 12 સભ્ય દેશનો સમાવેશ થાય છે. તથા તે અન્ય 10 સંલગ્ન મુખ્ય તેલ ઉત્પાદકો દેશો સાથે OPEC + તરીકે ઓળખાય છે.
3. આ સંસ્થાનો ઉદ્દેશ તેના સભ્ય દેશોની પેટ્રોલિયમ નીતિઓનું સંકલન કરવાનો છે.
4. તેનું વડું મથક ઓસ્ટ્રિયાના વિયેના ખાતે આવેલું છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1, 3 અને 4 (C) ફક્ત 2, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 (D)

3. 'કોસી નદી' વિશે નીચેના પૈકી કયું વિધાન સાચું નથી ?

(A) તે બ્રહ્મપુત્રા નદીની અગ્રણી ઉપનદી છે.
(B) તે ચીન, નેપાળ અને ભારતમાંથી વહે છે.
(C) આ નદીને 'બિહારના દુ:ખ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
(D) તેની કુલ લંબાઈ 729 કિ.મી. છે. (A)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. રાણી અહિલ્યા બાઈ નીચેનામાંથી કયા વંશના શાસક હતા ?

(A) ગાયકવાડ (B) હોલ્કર (C) સિંધિયા (D) ભોસલે (B)

5. રાણી અહિલ્યાબાઈ હોલકરના સંદર્ભમાં નીચેના નિવેદનો ધ્યાને લો :

1. તેમણે 18મી સદી દરમિયાન માળવા પ્રદેશમાં શાસન કર્યું હતું.
2. સંસ્કૃત વિદ્વાન ખુશાલી રામ તેમના વંશના દરબારી હતા.

ઉપરોક્ત પૈકી કયું નિવેદન સાચું છે ?

(A) માત્ર 1 (B) માત્ર 2
(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા (C)

6. તાજેતરમાં સમાચારમાં રહેલ 'Chang'e-6 અવકાશયાન' કયા દેશ સાથે સંબંધિત છે ?

(A) ચીન (B) જાપાન (C) ફિલિપાઈન્સ (D) NATO દેશ (A)

## દિવસ મહિમા : 03 જૂન, વિશ્વ પર્યાવરણ દિવસ (World Environment Day)

પર્યાવરણના સંરક્ષણ અને સુરક્ષા માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 5 જૂનના રોજ 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.




- 'વિશ્વ પર્યાવરણ દિવસ'ને –
  (1) ECO Day અથવા તો
  (2) WED તરીકે પણ ઓળખવામાં આવે છે.
- જેમાં WEDનું પૂરું નામ 'World Environment Day' છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સૌપ્રથમ 1972માં સ્ટોકહોમ કોન્ફરન્સમાં 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.
- આ અંતર્ગત 5 જૂન, 1974ના રોજ પ્રથમ 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- 1974માં યોજાયેલા પ્રથમ 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની થીમ 'Only One Earth' (એટલે કે ફક્ત એક જ પૃથ્વી) હતી.

### વર્ષ 2024ની થીમ

વર્ષ 2024ની વિશ્વ પર્યાવરણ દિવસની થીમ 'Land restoration, desertification and drought resilience' છે.

- આ થીમ UNEP એટલે કે 'United Nations Environment Programme' દ્વારા જાહેર કરવામાં આવી છે.
- દર વર્ષે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી ચોક્કસ થીમ અને સ્લોગન સાથે કરવામાં આવે છે જે તે સમયની મુખ્ય પર્યાવરણીય ચિંતાનો ઉલ્લેખ કરે છે.

### વિશ્વ પર્યાવરણ દિવસની થીમ

| ક્રમ | વર્ષ | થીમ |
|---|---|---|
| 1 | 2024 | Land restoration, desertification, and drought resilience |
| 2 | 2023 | Solutions to Plastic Pollution |
| 3 | 2022 | Only One Earth |
| 4 | 2021 | Ecosystem Restoration |
| 5 | 2020 | Biodiversity |
| 6 | 2019 | Air Pollution |
| 7 | 2018 | Beat Plastic Pollution |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વર્ષ 2024નો યજમાન દેશ

વર્ષ 1987થી 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણી જુદા–જુદા દેશોના યજમાન પદ હેઠળ કરવામાં આવે છે.

- આ અંતર્ગત વર્ષ 2024ના 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણીનો યજમાન દેશ સાઉદી અરેબિયા છે.
- સાઉદી અરેબિયાના રિયાધ ખાતે તેની ઉજવણી કરવામાં આવી હતી.

### 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણીના યજમાન દેશ


| ક્રમ | વર્ષ | યજમાન દેશ |
|---|---|---|
| 1 | 2024 | સાઉદી અરેબિયા |
| 2 | 2023 | કોટ ડી' આઈવર (નેધરલેન્ડ સાથેની ભાગીદારીમાં) |
| 3 | 2022 | સ્વીડન |
| 4 | 2021 | પાકિસ્તાન |
| 5 | 2020 | કોલમ્બિયા (તથા જર્મની) |
| 6 | 2019 | ચીન |
| 7 | 2018 | ભારત |
| 8 | 2017 | કેનેડા |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પ્રવાહ સોફ્ટવેર

તાજેતરમાં ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)એ એરોસ્પેસ વ્હીકલ એરો–થર્મો–ડાયનેમિક એનાલિસિસ (Parallel RANS Solver for Aerospace Vehicle Aero-thermo-dynamic Analysis-PraVaHa) માટે પેરાલલ RANS સોલ્વર નામનું કોમ્પ્યુટેશનલ ફ્લુઈડ ડાયનેમિક્સ (CFD) સોફ્ટવેર વિકસાવ્યું છે.

- પ્રવાહ એ એક સોફ્ટવેર ટૂલ છે, જે ખાસ કરીને એરોસ્પેસ વાહનોના એરોડાયનેમિક્સ અને થર્મોડાયનેમિક્સનું વિશ્લેષણ કરવા માટે રચાયેલ છે, જેમ કે પ્રક્ષેપણ વાહનો તથા પાંખવાળા અને પાંખ વગરના વાહનો.
- તે એરોસ્પેસ વાહનોની આસપાસ હવાના પ્રવાહનું અનુકરણ કરે છે અને પરિણામી દળો અને થર્મલ અસરોની ગણતરી કરે છે, જે આ સંસ્થાઓ માટે જરૂરી આકાર, માળખું અને થર્મલ પ્રોટેક્શન સિસ્ટમ (TPS) ડિઝાઈન કરવા માટે જરૂરી છે.




- HLVM3, ક્રૂ એસ્કેપ સિસ્ટમ (CES) અને ક્રૂ મોડ્યુલ (CM) જેવા માનવ સંચાલિત પ્રક્ષેપણ વાહનોના એરોડાયનેમિક વિશ્લેષણ માટે ગગનયાન મિશનમાં તેનો વ્યાપકપણે ઉપયોગ કરવામાં આવ્યો છે.
- કોઈપણ એરોસ્પેસ વાહન પ્રક્ષેપણ અથવા પુનઃપ્રવેશ દરમિયાન પૃથ્વીના વાતાવરણમાંથી પસાર થતી વખતે બાહ્ય દબાણ અને ગરમીના પ્રવાહના સંદર્ભમાં ગંભીર એરોડાયનેમિક અને એરોથર્મલ લોડને આધીન હોય છે.
- કોમ્પ્યુટેશનલ ફ્લુઈડ ડાયનેમિક્સ (CFD) એ એરોડાયનેમિક અને એરોથર્મલ લોડ્સની આગાહી કરવા માટેનું સાધન છે.

## મિનિટમેન III મિસાઈલ : અમેરિકા

અમેરિકાએ તાજેતરમાં કેલિફોર્નિયાના વેન્ડેનબર્ગ સ્પેસ ફોર્સ બેઝ પરથી નિઃશસ્ત્ર મિનિટમેન III ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલ પરીક્ષણ હાથ ધર્યુ હતું.

### મિનિટમેન III વિશે

LGM-30 G મિનિટમેન III એ ઘન–ઈંધણવાળી ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલ (ICBM) છે, જેને યુનાઈટેડ સ્ટેટ્સ એરફોર્સ (USAF)એ 1960ના દાયકામાં સૌપ્રથમ તૈનાત કરી હતી.



- તે યુએસ પરમાણુ ત્રિપુટીના લેન્ડ લેગનું પ્રતિનિધિત્વ કરે છે.
- તેને બોઈંગ કોર્પોરેશન દ્વારા ડિઝાઈન અને ઉત્પાદિત કરવામાં આવી છે.
- અમેરિકા પાસે હાલમાં તેના શસ્ત્રાગારમાં અંદાજિત 440 મિનિટમેન III મિસાઈલો છે.
- તે ત્રણ તબક્કાની ઘન–ઈંધણ મિસાઈલ છે.
- આ મિસાઈલ 18.2 મીટર લાંબી છે, જેનો વ્યાસ 1.85 મીટર છે અને તેનું લોન્ચ વજન 34,467 કિલો છે.
- તેની મહત્તમ રેન્જ 13,000 કિ.મી. છે અને ત્રણ રીએન્ટ્રી વાહનોનો પેલોડ વહન કરવા સક્ષમ છે.
- મિનિટમેનની જાળવણીનો ખ્યાલ ઉચ્ચ વિશ્વસનીયતા અને લગભગ 100 ટકા ચેતવણી દર હાંસલ કરવા માટે 'Remove and Replace' (દૂર કરો અને બદલો) અભિગમને અનુસરે છે.

## ઈન્દિરા ગાંધી ઝૂઓલોજિકલ પાર્ક (IGZP)

તાજેતરમાં ઈન્દિરા ગાંધી ઝૂઓલોજિકલ પાર્ક (IGZP) ભારતમાં વન્યજીવ સંરક્ષણ પ્રયાસોમાં મોખરે ઉભરી આવ્યું છે. ખાસ કરીને પટ્ટાવાળી હાયના (Striped Hyena) અને એશિયાઈ જંગલી કૂતરાઓના સફળ સંવર્ધન અને ઉચ્છેરમાં.

## ઈન્દિરા ગાંધી ઝૂઓલોજિકલ પાર્ક (IGZP)

તે વર્ષ 1977માં સ્થપાયેલી એક્સ–સી ટુ સંરક્ષણ સુવિધા છે.

- તે આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટમ જિલ્લામાં સીતાકોંડા રિઝર્વ ફોરેસ્ટની વચ્ચે આવેલું છે.
- તે ત્રણ બાજુઓથી પૂર્વીય ઘાટ અને ચોથી બાજુએ બંગાળની ખાડીથી ઘેરાયેલું છે.
- તે સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી દ્વારા માન્યતા પ્રાપ્ત વ્યાપક પ્રાણી સંગ્રાહલય છે.
- કમ્બલાકોંડા વન્યજીવ અભયારણ્યની નિકટતાને કારણે, તે મુક્તપણે વિહાર કરતા ઘણા પ્રાણીઓ અને પક્ષીઓનું ઘર પણ છે.
- ઈન્દિરા ગાંધી ઝૂઓલોજિકલ પાર્ક (IGZP)એ પટ્ટાવાળા હાયના, જંગલી કૂતરા, ભારતીય ગ્રે વુલ્ફ, રિંગ–ટેઈલેડ લેમર્સ, ભારતીય બાઈસન, વાદળી અને સોનેરી મકાઉ, જંગલી બિલાડીઓ અને એક્લેક્ટસ પોપટનો સફળતાપૂર્વક ઉછેર કર્યો છે.



## આઈસલેન્ડના આગામી રાષ્ટ્રપતિ તરીકે હલ્લા ટોમસદોત્તિર ચૂંટાયા

હલ્લા ટોમસદોત્તિર (Halla Tomasdottir) તાજેતરમાં આઈસલેન્ડના સાતમા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા છે.

- તેઓ 1 ઓગસ્ટ, 2024ના રોજ ગુઆના જોહાનેસનના સ્થાને રાષ્ટ્રપતિનું પદ સંભાળશે.
- 1 જૂન, 2024ના રોજ યોજાયેલી રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં તેઓ 34.3% મતો સાથે જીત્યા હતા.
- તેમણે ભૂતપૂર્વ વડાપ્રધાન કેટરિન જેકોબ્સડોટીર (25.2%)ને હરાવ્યા હતા.
- આઈસલેન્ડના રાષ્ટ્રપતિ તેની સંસદીય લોકશાહીમાં મોટાભાગે ઔપચારિક ભૂમિકા ભજવે છે, વાસ્તવિક કારોબારી સત્તા વડાપ્રધાન પાસે છે.



**નોંધ :** (1) આઈસલેન્ડ ઉત્તર એટલાન્ટિક અને આર્કટિક મહાસાગરો વચ્ચેનો એક નોર્ડિક ટાપુ દેશ છે.
(2) તેની રાજધાની અને સૌથી મોટું શહેર રેકજાવિક છે.

## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. સમગ્ર વિશ્વમાં દર વર્ષે 5 જૂનના રોજ કયો દિવસ ઉજવાય છે ?
(A) વિશ્વ વન દિવસ (B) વિશ્વ વન્યપ્રાણી દિવસ
(C) વિશ્વ પર્યાવરણ દિવસ (D) ઉપરોક્ત ત્રણેય
(C)

2. 'વિશ્વ પર્યાવરણ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 1 જૂન (B) 2 જૂન (C) 5 જૂન (D) 7 જૂન
(C)

3. UNEP દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2024ની 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની થીમ શું છે ?
(A) Only one Earth
(B) Air Pollution
(C) Land restoration, desertification and drought resilience
(D) A tree or Peace
(C)

4. 'વિશ્વ પર્યાવરણ દિવસ'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. તેને ECO Day અથવા તો WED તરીકે પણ ઓળખવામાં આવે છે.
2. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સૌપ્રથમ 1972માં તેની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.
3. સૌપ્રથમ 5 જૂન, 1974ના રોજ તેની ઉજવણી કરવામાં આવી હતી.
4. પ્રથમ વિશ્વ પર્યાવરણ દિવસની થીમ 'Only one Earth' હતી.
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 2 અને 3 (D) ફક્ત 2 અને 4
(A)

5. વર્ષ 2024ના 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણીનો યજમાન દેશ કયો છે ?
(A) કંબોડિયા (B) સાઉદી અરેબિયા (C) મોઝામ્બિક (D) ઝામ્બિયા
(B)

6. કઈ અવકાશ સંસ્થાએ તાજેતરમાં 'પ્રવાહ' નામનું કોમ્પ્યુટેશનલ ફ્લુઈડ ડાયનેમિક્સ (CFD) સોફ્ટવેર વિકસાવ્યું છે ?
(A) ISRO (B) ESA (C) JAXA (D) CNSA
(A)

7. તાજેતરમાં નીચેના પૈકી કયા દેશે મિનિટમેન III ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલનું પરીક્ષણ હાથ ધર્યું હતું ?
(A) ઈઝરાયેલ (B) ચીન (C) ઉત્તર કોરિયા (D) અમેરિકા
(D)

8. તાજેતરમાં સમાચારમાં રહેલ 'ઈન્દિરા ગાંધી ઝૂઓલોજિકલ પાર્ક' (IGZP) કયા રાજ્યમાં સ્થિત છે ?
(A) મધ્યપ્રદેશ (B) તમિલનાડુ (C) આંધ્રપ્રદેશ (D) કર્ણાટક
(C)

9. તાજેતરમાં હલ્લા ટોમસદોત્તિર કયા દેશના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા છે ?
(A) આયર્લેન્ડ (B) આઈસલેન્ડ (C) મેક્સિકો (D) મંગોલિયા
(B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 06 જૂન, રશિયન ભાષા દિવસ (Russian Language Day)

## શ્રી દિનેશ કાર્તિકે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી

ભારતના અનુભવી <u>વિકેટકીપર અને બેટ્સમેન</u> <u>શ્રી દિનેશ કાર્તિકે</u> <u>IPL અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી</u> નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે.

- IPL ટુર્નામેન્ટમાં તેમની છેલ્લી મેચ દરમિયાન RCB ટીમએ તેને ગાર્ડ ઓફ ઓનરનું સન્માન આપ્યું હતું.

### શ્રી દિનેશ કાર્તિક



શ્રી દિનેશ કાર્તિકનો જન્મ <u>1 જૂન, 1985</u>ના રોજ <u>તમિલનાડુના ચેન્નાઈ</u> ખાતે થયો હતો.

- તેમનું પૂરું નામ <u>કૃષ્ણકુમાર દિનેશ કાર્તિક</u> છે.
- તેમણે <u>વર્ષ 2004માં</u> ભારતીય ક્રિકેટ ટીમ માટે ડેબ્યૂ કર્યુ હતું.
- તેમણે ટેસ્ટમાં 3 નવેમ્બર, 2004ના રોજ ઓસ્ટ્રેલિયા સામેની મેચથી ડેબ્યૂ કર્યુ હતું. તેમણે અંતિમ ટેસ્ટ ઈંગ્લેન્ડ વિરૂદ્ધ વર્ષ 2018માં રમી હતી.
- તેમણે વન–ડે મેચમાં 5 સપ્ટેમ્બર, 2004ના રોજ ઈંગ્લેન્ડ સામે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ડેબ્યૂ કર્યુ હતું. તેમણે અંતિમ વન–ડે મેચ ન્યૂઝિલેન્ડ સામે વર્ષ 2019માં રમી હતી.
- જ્યારે T-20 ક્રિકેટમાં 1 ડિસેમ્બર, 2006ના રોજ દક્ષિણ આફ્રિકા સામે ડેબ્યૂ કર્યુ હતું. તેમણે અંતિમ T-20 મેચ વર્ષ 2022માં બાંગ્લાદેશ સામે રમી હતી.
- તેમણે <u>26 ટેસ્ટ મેચમાં</u> <u>1025 રન</u> અને 1 સદી નોંધાવી હતી.
- તેમણે <u>94 વન–ડે મેચમાં</u> <u>1752 રન</u> ફટકાર્યા હતા.
- જ્યારે 60 T-20 ક્રિકેટમાં <u>686</u> રન ફટકાર્યા છે.
- તેઓ IPLમાં દિલ્હી ડેરડેવિલ્સ, મુંબઈ ઈન્ડિયન્સ, કિંગ્સ ઈલેવન પંજાબ, ગુજરાત લાયન્સ, કોલકાતા નાઈટ રાઈડર્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની ટીમ માટે રમી ચૂક્યા છે.
- નિવૃત્તિ જાહેર કરી ત્યારે તેઓ <u>રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર</u>ની ટીમમાં હતા.
- તેમણે IPLની 257 મેચમાં 4842 રન ફટકાર્યા છે.
- તેઓ સ્થાનિક ક્રિકેટમાં <u>તમિલનાડુ</u> ટીમ તરફથી રમ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE

## બ્લેઝ સ્ટાર (Blaze Star)




બ્લેઝ સ્ટાર (T Coronae Borealis)નો આગામી વિસ્ફોટ, એક દુર્લભ અવકાશી ઘટના વર્ષ 1946 પછી પ્રથમ વખત નરી આંખે દેખાશે.

- આ ઘટના બ્રહ્માંડની ગતિશિલ પ્રકૃતિ અને તારાઓની ઉત્ક્રાંતિને સંચાલિત કરતી જટિલ પ્રક્રિયાઓને પ્રકાશિત કરે છે.
- બ્લેઝ સ્ટાર સત્તાવાર રીતે T Coronae Borealis (T CrB) તરીકે ઓળખાય છે.
- તે આપણા સૌરમંડળથી 3000 પ્રકાશ–વર્ષ દૂર સ્થિત એક મંદ તારો છે.
- તે કોરોના બોરેલિસ (the Northern Crown) નક્ષત્રમાં જોવા મળે છે.
- બ્લેઝ સ્ટાર રિકરન્ટ નોવાનું એક દુર્લભ ઉદાહરણ છે, જે દર 80 વર્ષમાં એકવાર થાય છે.
- નોવામાં દ્વિસંગી સ્ટાર સિસ્ટમનો સમાવેશ થાય છે. જેમાં સફેદ વામન અને રેડ જાયન્ટનો સમાવેશ થાય છે.
- આગામી તારાકીય વિસ્ફોટ નરી આખે દશ્યમાન થવાની ધારણા છે અને લગભગ એક અઠવાડિયા સુધી નોર્થ સ્ટારની જેમ ચમકશે.
- NASAએ આગાહી કરી છે કે આ ઘટના સપ્ટેમ્બર 2024ની વચ્ચે ક્યાંક થશે.

## મહારાણી મંદિર : જમ્મુ-કાશ્મીર

જમ્મુ–કાશ્મીરના ગુલમાર્ગ શહેરમાં મહારાણી મંદિરમાં ભીષણ આગ ફાટી નિકળી હતી, જેના કારણે મંદિરનો મોટાભાગનો ભાગ બળીને ખાખ થઈ ગયો હતો.



### મહારાણી મંદિર વિશે

મહારાણી મંદિર જમ્મુ અને કાશ્મીરના બારામુલા જિલ્લામાં ગુલમર્ગ શહેરની મધ્યમાં એક નાની ટેકરી પર આવેલું છે.

- તેને રાણી મંદિર અથવા મોહિનીશ્વર શિવાલય તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ મંદિર ભગવાન શિવ અને માતા પાર્વતીને સમર્પિત છે.
- તેનું નિર્માણ કાશ્મીરના પૂર્વ શાસક મહારાજા હરિસિંહની પત્ની મોહિનીબાઈ સિસોદિયાએ વર્ષ 1915માં કરાવ્યું હતું.
- આ મંદિર એક સમયે જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ રજવાડાના ડોગરા વંશનું શાહી મંદિર હતું.
- તેનું બાંધકામ એવી રીતે કરવામાં આવ્યું છે કે તેને ગુલમાર્ગના ચારેય ખુણાથી જોઈ શકાય છે.
- મંદિરની જટિલ કોતરણી અને ડિઝાઈન ભારતીય અને પર્શિયન શૈલીઓનું સુંદર મિશ્રણ દર્શાવે છે.

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'રશિયન ભાષા દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 5 જૂન (B) 6 જૂન (C) 7 જૂન (D) 8 જૂન (B)

2. તાજેતરમાં શ્રી દિનેશ કાર્તિકએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી છે. તેમના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેમનું પૂરું નામ કૃષ્ણકુમાર દિનેશ કાર્તિક છે.
2. તેમણે વર્ષ 2004માં ભારતીય ક્રિકેટ ટીમ માટે ડેબ્યૂ કર્યું હતું.
3. વર્ષ 2024માં તેઓ નિવૃત્ત થયા ત્યારે IPLમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુની ટીમ તરફથી રમતા હતા.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3

(C) માત્ર 1 અને 3 (D) 1, 2 અને 3 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

3. તાજેતરમાં સમાચારમાં રહેલ 'T Coronae Borealis (T CrB)' શું છે ?

(A) Star (B) Submarine (C) Missile (D) Protein (A)

4. તાજેતરમાં મહારાણી મંદિર સમાચારમાં હતું, તે ક્યાં આવેલું છે ?

(A) બદ્રીનાથ, ઉત્તરાખંડ (B) વારાણસી, ઉત્તરપ્રદેશ

(C) ગુલમાર્ગ, જમ્મુ–કાશ્મીર (D) મદુરાઈ, તમિલનાડુ (C)

## દિવસ મહિમા : 07 જૂન, વિશ્વ અન્ન સુરક્ષા દિવસ (World Food Safety Day)




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 7 જૂનના રોજ 'વિશ્વ અન્ન સુરક્ષા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો ઉદ્દેશ વિશ્વમાં ફૂડ કટોકટી અંગે જાગૃતિ ફેલાવવાનો છે. જેથી અન્નજન્ય રોગોને કારણે થતા મૃત્યુ ઘટાડી શકાય.
- 7 જૂન, 2019ના રોજ પ્રથમ 'વિશ્વ અન્ન સુરક્ષા દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- વર્ષ 2019માં જીનીવા કોન્ફરન્સ અને અદિસ અબાબા કોન્ફરન્સ (Addis Ababa Conferance) દ્વારા 'ખાદ્ય સુરક્ષાના ભવિષ્ય' પર કરવામાં આવેલ આહવાનને મજબૂત કરવા માટે આ દિવસ ઉજવવામાં આવે છે.
- વર્ષ 2024ના 'વિશ્વ અન્ન સુરક્ષા દિવસ'ની થીમ 'Food Safety : Prepare for the Unexpected' છે.

નોંધ : (1) 'વિશ્વ અન્ન સુરક્ષા દિવસ' 7 જૂનના રોજ ઉજવાય છે, જ્યારે 'વિશ્વ અન્ન દિવસ' (World Food Day)ની ઉજવણી દર વર્ષે 16 ઓક્ટોબરના રોજ કરવામાં આવે છે.

(2) અદિસ અબાબા કોન્ફરન્સ ખાદ્ય સુરક્ષા પર પ્રથમ આંતરરાષ્ટ્રીય પરિષદ હતી. પરિષદમાં ટકાઉ વિકાસ લક્ષ્યો સુધી પહોંચવા માટેની પ્રાથમિકતાઓની ચર્ચા કરવામાં આવી હતી અને પોષણ પર સંયુક્ત રાષ્ટ્રના દાયકાની ક્રિયાને પણ સમર્થન આપ્યું હતું.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## QS World University Rankings 2025

તાજેતરમાં 'QS World University Rankings - 2025' અંતર્ગત વિશ્વની શ્રેષ્ઠ શૈક્ષણિક સંસ્થાઓની યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે.

- QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ્સ 2025 ઘણી ભારતીય યુનિવર્સિટીઓ માટે નોંધપાત્ર સુધારો દર્શાવે છે.
- આ વર્ષનું રેન્કિંગ અત્યાર સુધીનું સૌથી મોટું છે, જેમાં 105 ઉચ્ચ શિક્ષણ પ્રણાલીઓમાં 1500થી વધુ યુનિવર્સિટીઓ છે.
- આ આવૃત્તિમાં 46 યુનિવર્સિટીઓ સાથે ભારતીય ઉચ્ચ શિક્ષણ પ્રણાલી વૈશ્વિક સ્તરે સૌથી વધુ થતી સાતમી અને એશિયામાં ત્રીજી છે, જે માત્ર (49 યુનિવર્સિટીઓ) અને ચીન (71 યુનિવર્સિટીઓ) પાછળ છે.
- 61% ભારતીય યુનિવર્સિટીઓના રેન્કિંગમાં સુધારો થયો છે, જેમાં IIT બોમ્બેએ ભારતમાં ટોચનું સ્થાન મેળવ્યું છે.

- કુલ 61% ભારતીય યુનિવર્સિટીઓએ આ વખતે રેન્કમાં વધારો કર્યો છે, જ્યારે 24% એ તેમની સ્થિતિ જાળવી રાખી છે.
- IIT બોમ્બે આ રેન્કિંગમાં 118મા ક્રમે છે.
- જ્યારે આ રેન્કિંગમાં અમેરિકાની Massachusetts Institute of Technology (MIT) પ્રથમ ક્રમે છે.
- MIT સતત 13મા વર્ષે ટોચની યુનિવર્સિટી છે.
- આ રેન્કિંગમાં ઈમ્પીરીયલ કોલેજ લંડન બીજા સ્થાને અને ઓક્સફર્ડ યુનિવર્સિટી ત્રીજા ક્રમાંકે છે.
- યુનાઈટેડ સ્ટેટ્સ સૌથી વધુ પ્રતિનિધિત્વ ધરાવતો દેશ છે, જેમાં 197 ક્રમાંકિત સંસ્થાઓ છે. ત્યારબાદ યુનાઈટેડ કિંગ્ડમ 90 ક્રમાંકિત સંસ્થાઓ સાથે બીજા ક્રમે છે.

**QS World University Rankings - 2024**

| Rank | Institute | Country |
|---|---|---|
| 1 | Massachusetts Institute of Technology (MIT) | USA |
| 2 | Imperial College London | UK |
| 3 | University of Oxford | UK |
| 4 | Harvard University | USA |
| 5 | University of Cambridge | UK |
| 6 | Stanford University | USA |
| 7 | ETH Zurich | Switzerland |
| 118 | IIT Bombay | India |
| 150 | IIT Delhi | India |
| 211 | IISc Banglore | India |
| 222 | IIT Kharagpur | India |
| 227 | IIT Madras | India |
| 263 | IIT Kanpur | India |
| 328 | University of Delhi | India |
| 335 | IIT Roorkee | India |
| 344 | IIT Guwahati | India |
| 383 | Anna University, Chennai | India |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

નોંધ : (1) બ્રિટનની QS (Quacqarelli Symonds) Limited નામની કંપની દ્વારા દર વર્ષે 2004થી દર વર્ષે આ રેન્કિંગ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

(2) આ રેન્કિંગ વિશ્વભરની યુનિવર્સિટીઓના પ્રદર્શન અને ગુણવત્તાનું મૂલ્યાંકન કરે છે.

(3) આ રેન્કિંગમાં શૈક્ષણિક પ્રતિષ્ઠા, ફેકલ્ટી–વિદ્યાર્થી ગુણોત્તર, નોકરીદાતાની પ્રતિષ્ઠા, ટકાઉપણું, રોજગાર પરિણામો, આંતરરાષ્ટ્રીય સંશોધન નેટવર્ક, ફેકલ્ટી દીઠ અવતરણો, આંતરરાષ્ટ્રીય ફેકલ્ટી ગુણોત્તર અને આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી ગુણોત્તર જેવા સૂચકાંકોને ધ્યાનમાં લેવામાં આવે છે.

## રશિયન અવકાશયાત્રી અવકાશમાં 1000 દિવસ વિતાવનાર પ્રથમ વ્યક્તિ બન્યા



ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) પર કામ કરતા રશિયન અવકાશયાત્રી શ્રી ઓલેગ કોનોનેન્કો કુલ 1000 દિવસ વિતાવનાર પ્રથમ વ્યક્તિ બન્યા છે.

- ઓલેગ કોનોનેન્કોના ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS)ના પાંચમાં મિશન દરમિયાન આ સીમાચિન્હ સુધી પહોંચ્યું હતું, જે 15 સપ્ટેમ્બર, 2023ના રોજ શરૂ થયું હતું.
- તેઓ 2008માં તેમની સફરથી અવકાશમાં મુસાફરી કરી રહ્યા છે અને તેમણે અવકાશ સંશોધનમાં હંમેશા સુધારાઓ કર્યા છે.
- તેનું મિશન 23 સપ્ટેમ્બર, 2024ના રોજ સમાપ્ત થાય તે મુજબ તેઓ અવકાશમાં 1110 દિવસ અવકાશમાં રહેશે.



## પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'વિશ્વ અન્ન સુરક્ષા દિવસ' અથવા તો 'વર્લ્ડ ફૂડ સેફટી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 5 જૂન (B) 6 જૂન (C) 7 જૂન (D) 8 જૂન

(C)

2. 'વિશ્વ અન્ન દિવસ' અથવા તો 'વર્લ્ડ ફૂડ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 7 જૂન (B) 7 માર્ચ (C) 16 ઓક્ટોબર (D) 16 નવેમ્બર

(C)

3. QS World University Rankings - 2025માં પ્રથમ ક્રમાંકે કઈ યુનિવર્સિટી છે ?

(A) મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (MIT)

(B) ઈમ્પિરિયલ કોલેજ લંડન

(C) યુનિવર્સિટી ઓફ કેમ્બ્રિજ

(D) ઓક્સફોર્ડ યુનિવર્સિટી

(A)

4. QS World University Rankings - 2025માં IIT Bombay કયા ક્રમે છે ?

(A) 172 (B) 155 (C) 118 (D) 141

(C)

5. તાજેતરમાં કયા રશિયન અવકાશયાત્રી અવકાશમાં 1000 દિવસ વિતાવનાર પ્રથમ વ્યક્તિ બન્યા છે ?

(A) ઓલેગ કોનોનેન્કો (B) એલેક્ઝેન્ડર પાવલોવિચ

(C) ઈગોર વોલ્ક (D) મિખાઈલ ટ્યૂરીન

(A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 08 જૂન, (1) વિશ્વ સમુદ્ર દિવસ (World Oceans Day)
## (2) વિશ્વ બ્રેઈન ટ્યૂમર દિવસ (World Brain Tumor Day)

### વિશ્વ સમુદ્ર દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 8 જૂન ના રોજ 'વિશ્વ સમુદ્ર દિવસ' અથવા તો 'વિશ્વ મહાસાગર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.




- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ માનવ જીવનમાં મહાસાગરોના મહત્ત્વ વિશે જાગૃતિ ફેલાવવાનો છે.
- આ દિવસની ઉજવણીનો પ્રારંભ વર્ષ 2009થી થયો હતો.
- વર્ષ 2024ની 'વિશ્વ સમુદ્ર દિવસ'ની થીમ '**Awaken New Depths**' છે.

## 17મી લોકસભાનું વિસર્જન

વડાપ્રધાનશ્રીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે 17મી લોકસભાને ભંગ કરવાની ભલામણ કરી હતી.



- ભારતીય બંધારણના અનુચ્છેદ 83(2) મુજબ સંસદનું નીચલું ગૃહ તેની બેઠકના પ્રથમ દિવસથી પાંચ વર્ષ પૂર્ણ થવા પર વિસર્જન કરવામાં આવે છે.
- સંસદના વિસર્જન સાથે વર્તમાન ગૃહનો કાર્યકાળ સમાપ્ત થાય છે અને સામાન્ય ચૂંટણીઓ પછી નવા ગૃહની રચના થાય છે.
- આમ છતાં જો કોઈ પક્ષ કે ગઠબંધન લોકસભામાં પોતાની બહુમતી ગુમાવે અને અન્ય પક્ષ કે ગઠબંધન પાસે સરકાર બનાવવા માટે બહુમતી ન હોય તો આવા સંજોગોમાં ફરીથી નવી ચૂંટણી યોજવી પડે છે. અને લોકસભાનું 5 વર્ષ પહેલા જ વિસર્જન થાય છે.

**નોંધ :** (1) લોકસભાનું કાર્યકાળ પહેલા વિસર્જન થઈ શકે છે તેવી જ રીતે અમુક સંજોગોમાં લોકસભાનો કાર્યકાળ પાંચ વર્ષ કરતા વધારી શકાય છે.

(2) અનુચ્છેદ 83(2) અનુસાર જ્યારે રાષ્ટ્રીય કટોકટી અમલમાં હોય ત્યારે સંસદ લોકસભાનો કાર્યકાળ સંસદની એક મંજૂરીથી એક વર્ષ લંબાવી શકે છે.

(3) '42મા બંધારણીય સુધારા, 1976' દ્વારા ભારતમાં લોકસભા અને રાજ્યોની વિધાનસભાનો કાર્યકાળ 5 વર્ષથી વધારી 6 વર્ષ કરવામાં આવ્યો હતો. જોકે ત્યારબાદ '44માં બંધારણીય સુધારા, 1978' દ્વારા લોકસભા અને રાજ્યોની વિધાનસભાનો કાર્યકાળ ઘટાડીને ફરીથી 5 વર્ષ કરવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સુશ્રી પીવી સિંધુ તમાકુ નિયંત્રણ માટે બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્ત



ભારતીય બેડમિન્ટન સ્ટાર સુશ્રી પી.વી.સિંધુને તમાકુ નિયંત્રણ માટે બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

- આ પહેલનો ઉદ્દેશ્ય નાના બાળકો અને યુવાનોને તમામ સ્વરૂપોમાં તમાકુથી દૂર રહેવા અને તંદુરસ્તી પસંદગીઓને અપનાવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.
- ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે વિશ્વ તમાકુ નિષેધ દિવસ 2024ની ઉજવણી માટે એક કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

# પરીક્ષાલક્ષી સંભવિત પ્રશ્નો

1. 'વિશ્વ સમુદ્ર દિવસ' અથવા તો 'વિશ્વ મહાસાગર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 6 જૂન (B) 7 જૂન (C) 8 જૂન (D) 9 જૂન **(C)**

2. વર્ષ 2024ની 'વિશ્વ સમુદ્ર દિવસ'ની થીમ શું છે ?

(A) Revitalization : Collective Action for the ocean

(B) Planet Oceans, Healthy Planet

(C) Awaken New Depths

(D) Gender and Oceans **(C)**

3. 'વિશ્વ બ્રેઈન ટ્યૂમર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 7 જૂન (B) 8 જૂન (C) 9 જૂન (D) 10 જૂન **(B)**

4. તાજેતરમાં કેટલામી લોકસભાનું વિસર્જન થયું હતું ?

(A) 17મી (B) 18મી (C) 19મી (D) 20મી **(A)**

5. ભારતીય બંધારણના કયા અનુચ્છેદ મુજબ સંસદનું નીચલું ગૃહ તેની બેઠકના પ્રથમ દિવસથી પાંચ વર્ષ પૂર્ણ થવા પર વિસર્જન કરવામાં આવે છે ?

(A) અનુચ્છેદ 80(2) (B) અનુચ્છેદ 83(2) (C) અનુચ્છેદ 92(2) (D) અનુચ્છેદ 94(2) **(B)**

6. તાજેતરમાં ભારતમાં તમાકુ નિયંત્રણ માટે બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કોને નિયુક્ત કરવામાં આવ્યા હતા ?

(A) કિદામ્બી શ્રીકાંત (B) અક્ષય કુમાર (C) સ્મૃતિ મંધાના (D) પી.વી.સિંધુ **(D)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# NEWS IN SHORTS

## ગુજરાત

➤ **નમો વડ વન**



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ગાંધીનગરમાં 'નમો વડ વન'ની મુલાકાત લીધી હતી. તેમણે નમો વડ વનનું નિરીક્ષણ કર્યુ હતું અને વૃક્ષારોપણમાં પણ સામેલ થયા હતા. 21 માર્ચ, 2022ના રોજ આંતરરાષ્ટ્રીય વન દિવસ, 'આઝાદી કા અમૃત મહોત્સવ' દરમિયાન આઝાદીના 75મા વર્ષની ઉજવણી કરવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 33 જિલ્લાઓમાં 75 સ્થળોએ 'નમો વડ વન' શરૂ કર્યુ હતું. ગુજરાતમાં આ મુખ્ય પહેલનો ઉદ્દેશ પર્યાવરણ સંરક્ષણને પ્રોત્સાહન આપવાનો છે. તેમણે 21 માર્ચ, 2022ના રોજ ગાંધીનગરમાં એક વડના છોડનું વાવેતર કરીને 'નમો વડ વન'નું ઉદ્ઘાટન કર્યુ હતું.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **ઓંગે જનજાતિ**

આંદામાનના ઓંગે જનજાતિના રાજા તોટોકો અને રાણી પ્રિયાએ તાજેતરમાં એક બાળકને જન્મ આપ્યો હતો, જેનાથી આદિજાતિની કુલ વસતી 136 થઈ ગઈ છે. ઓંગે એ ભારતની સૌથી આદિમ જાતિઓમાંથી એક છે. તેઓ આંદામાન દ્વીપસમૂહના સૌથી દક્ષિણે આવેલા ટાપુ નાના આંદામાન ટાપુમાં વસે છે. અન્ય ધર્મોથી વિપરિત તેઓ મક્કમ પૂજા પ્રથાઓ અથવા બલિદાનોમાં માનતા નથી અથવા તેનું પાલન કરતા નથી. તેમાં દાતના રંગનું અનોખું અર્થઘટન છે, જેઓ મોતી જેવા સફેદ દાતને મૃત્યુનું પ્રતિક માને છે. તેઓ તેમના દાંતને લાલરંગ આપવા માટે છાલ ચાવવાનું ચાલુ રાખે છે. તેઓ તેમના શરીર અને તેમના ચહેરાને સફેદ અને ઓચર માટીથી શણગારે છે. ખાસ પ્રસંગોએ તેમના શરીરના સુશોભન પર વધુ ભાર મૂકે છે.

➤ **બેંક ક્લિનિક પહેલ**

ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોઈઝ એસોસિએશન (AIBEA)એ બેંક ગ્રાહકોને ફરિયાદ નિવારણમાં મદદ કરવા માટે 'બેંક ક્લિનિક' પહેલ શરૂ કરી છે. આ પહેલનો ઉદ્દેશ્ય રિટેલ બેન્કિંગ પર ટેક્નોલોજીના ઝડપી વિસ્તરણ અને RBIની માર્ગદર્શિકા વચ્ચે બેંક ગ્રાહકોને ફરિયાદ નિવારણમાં મદદ કરવાનો છે. તે RBI માર્ગદર્શિકા મુજબ ઉપલબ્ધ ઉપાયો અંગે ગ્રાહકોને માર્ગદર્શન આપતું બિન–નિરાકરણ કરતું સલાહકાર પ્લેટફોર્મ છે. તે સામાન્ય બેન્કિંગ ઓમ્બડ્સમેન પ્રક્રિયાની સાથે વધારાની ચેનલ તરીકે કામ કરે છે. આ પહેલ હેઠળ, ગ્રાહકો બેંક ક્લિનિકની વેબસાઈટ પર તેમની ફરિયાદો નોંધાવી શકે છે. અને પાંચ કામકાજના દિવસોની અંદર તેઓને તેમના ચોક્કસ મુદ્દા માટે ઉપલબ્ધ ઉપાયો અને સંબંધિત RBI માર્ગદર્શિકાની વિગતો આપતો જવાબ આપશે.

➤ **ફિનોમ ઈન્ડિયા પ્રોજેક્ટ**



તાજેતરમાં CSIRએ તેના લોન્ગીટ્યુડિનલ હેલ્થ મોનિટરિંગ પ્રોજેક્ટ, ફિનોમ ઈન્ડિયાના પ્રથમ તબક્કાનું સમાપન કર્યુ હતું. અને એક વિશેષ ઈવેન્ટ, ફિનોમ ઈન્ડિયા અનબોક્સિંગ 1.0નું આયોજન કર્યુ હતું. ફિનોમ ઈન્ડિયા-CSIR હેલ્થ કોહોર્ટ નોલેજબેઝ (PI-Check)એ કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ દ્વારા 7 ડિસેમ્બર, 2023ના રોજ શરૂ કરવામાં આવેલી પહેલ છે. તેનો ઉદ્દેશ્ય ડાયાબિટીસ, યકૃતના રોગો અને કાર્ડિયાક રોગો સહિત કાર્ડિયો–મેટાબોલિક રોગો માટે ભારત–વિશિષ્ટ જોખમ અનુમાન મોડલ વિકસાવવાનો છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશન (IATA)**




ભારત વિશ્વની સૌથી પ્રીમિયર એવિએશન ઈવેન્ટ, ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશન (IATA)ની વાર્ષિક સામાન્ય સભા (AGM) 42 વર્ષના અંતરાલ પછી આગામી વર્ષે યોજાશે. IATA એ વિશ્વની એરલાઈન્સ માટેનું આંતરરાષ્ટ્રીય વેપાર સંગઠન છે, જેની સ્થાપના 1945માં હવાના, ક્યુબામાં 57 સ્થાપક સભ્યો સાથે થઈ હતી. તેનું મિશન 'એરલાઈન ઉદ્યોગનું પ્રતિનિધિત્વ, નેતૃત્વ અને સેવા આપવાનું છે'. IATA એ ઉદ્યોગના ધોરણો બનાવવા ઉપરાંત વિશ્વ મંચ પર એરલાઈન્સના હિતોની હિમાયત કરે છે. તે હાલમાં લગભગ 330 એરલાઈન્સનું પ્રતિનિધિત્વ કરે છે. IATAનું મુખ્ય મથક કેનેડાના મોન્ટ્રીયલ ખાતે આવેલું છે.

## ➤ નેધરલેન્ડ 2023-24માં ભારતના ત્રીજા સૌથી મોટા નિકાસ સ્થળ તરીકે ઉભરી આવ્યું

નાણાકીય વર્ષ 2023-24માં યુએસ અને યુએઈ પછી નેધરલેન્ડ ભારતનું ત્રીજુ સૌથી મોટું નિકાસ બજાર બન્યું છે. વાણીજ્ય મંત્રાલયના અહેવાલો અનુસાર ભારતની માલસામાનની કુલ નિકાસમાં 3%નો ઘટાડો થયો હોવા છતા પણ આ સ્થિતિ હતી. વૃદ્ધિના મુખ્ય ક્ષેત્રો પેટ્રોલિયમ ઉત્પાદનો, ઈલેક્ટ્રિકલ વસ્તુઓ, રસાયણો અને ફાર્માસ્યુટિકલ્સ છે. નેધરલેન્ડ સાથેનો ભારતનો વેપાર સતત વધી રહ્યો છે. જે 2000-01માં 880 મિલિયન અમેરિકન ડોલરથી 2023-24માં 22.36 બિલિયન અમેરિકન ડોલર થઈ ગયો છે. વેપાર નિષ્ણાતો કહે છે કે નેધરલેન્ડ યુરોપ માટે એક મહત્ત્વપૂર્ણ કેન્દ્ર છે કારણ કે તે બાકિના યુરોપિયન રાષ્ટ્રો સાથે સારા રસ્તા, ટ્રેન અને પાણીના જોડાણો અને કાર્યક્ષમ પોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવે છે. નેધરલેન્ડનું વ્યૂહાત્મક સ્થાન અને બહેતર પરિવહન કડીઓએ તેને યુરોપમાં ભારતીય માલસામાન માટે વધુ મહત્ત્વપૂર્ણ પ્રદેશ બિંદુ બનાવ્યું છે. ભારત અને નેધરલેન્ડ 1947થી રાજદ્વારી સંબંધો ધરાવે છે. જે મજબૂત રાજકીય, આર્થિક અને વ્યાવસાયિક કરારોમાં વિકસ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ભારતીય સેનામાં હાઇડ્રોજન બસ



તાજેતરમાં ભારતીય સેનાએ હાઈડ્રોજન ફ્યુઅલ સેલ બસ ટેક્નોલોજીના નિદર્શન ટ્રાયલ માટે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (IOCL) સાથે સહયોગ કર્યો છે. ભારતીય સેનાને તેની પ્રથમ હાઈડ્રોજન ફ્યુઅલ સેલ–સંચાલિત બસ પણ મળી છે, જે સ્વચ્છ અને ગ્રીન પરિવહનને અપનાવવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું છે. બસમાં 37 મુસાફરોની બેઠક ક્ષમતા છે અને તે 30 કિલોની હાઈડ્રોજન ફ્યુઅલ ટાંકીના એક રિફિલ પર 250-300 કિમીની માઈલેજ આપે છે. અગાઉ 21 માર્ચ, 2023ના રોજ ભારતીય સેના ઉત્તરીય સરહદો પર ગ્રીન હાઈડ્રોજન આધારિત માઈક્રોગ્રીડ પાવર પ્લાન્ટ સ્થાપવા માટે NTPC રિન્યુએબલ એનર્જી લિમિટેડ સાથે MoU પર હસ્તાક્ષર કરનાર પ્રથમ સરકારી સંસ્થા બની છે.

## વિશ્વ

➤ **યુનાઈટેડ નેશન્સ ગ્લોબલ સપ્લાય ચેઈન ફોરમ**




યુએન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ (UNCTAD) અને બાર્બાડોસ સરકાર દ્વારા આયોજિત યુનાઈટેડ નેશન્સ ગ્લોબલ સપ્લાય ચેઈન ફોરમનું ઉદ્‌ઘાટન તાજેતરમાં સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું. તે ફોરમની ઉદ્‌ઘાટન આવૃત્તિ હતી, જે બાર્બાડોસ સરકારના સહયોગથી તેનું આયોજન કરવામાં આવ્યું હતું. વૈશ્વિક વિક્ષેપો, ભૌગોલિક રાજકીય તણાવ, આબોહવા પરિવર્તન અને કોવિડ-19 મહામારી તથા વૈશ્વિક વેપાર પર તેમની અસર જેવા મહત્ત્વના મુદ્દાઓને ઉકેલવા માટે વિશ્વભરમાંથી 1000 થી વધુ સહભાગીઓ ભેગા થયા હતા. ફોરમે નવીનીકરણીય ઊર્જા સંસાધનોથી સમૃદ્ધ વિકાસશીલ દેશો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને વૈશ્વિક શિપિંગને ડીકાર્બોનાઈઝ કરવાની જટિલતાઓ અને તકોને રેખાંકિત કરી હતી. આગામી ફોરમ 2026માં સાઉદી અરેબિયામાં યોજાવાની છે.

➤ **ક્લીન ઈકોનોમી ઈન્વેસ્ટર ફોરમ**




ભારતીય પ્રતિનિધિમંડળે તાજેતરમાં ઈન્ડો–પેસિફિક ઈકોનોમિક ફ્રેમવર્ક ફોર પ્રોસ્પરિટી (IPEF) ક્લીન ઈકોનોમી ઈન્વેસ્ટર ફોરમમાં ભાગ લીધો હતો. IPEF એ 23 મે, 2022ના રોજ યુનાઈટેડ સ્ટેટ્સના રાષ્ટ્રપતિ દ્વારા શરૂ કરવામાં આવેલી આર્થિક પહેલ છે. IPEFમાં 14 સભ્યો છે, જેમાં ઓસ્ટ્રેલિયા, બ્રુનેઈ, ફિજી, ભારત, ઈન્ડોનેશિયા, જાપાન, દક્ષિણ કોરિયા, મલેશિયા, ન્યુઝિલેન્ડ, ફિલિપાઈન્સ, સિંગાપોર, થાઈલેન્ડ, યુનાઈટેડ સ્ટેટ્સ અને વિયેતનામનો સમાવેશ થાય છે. તે પરંપરાગત મુક્ત વેપાર કરારોથી આગળ વધીને સપ્લાય ચેન, સ્વચ્છ ઊર્જા, ડી કાર્બોનાઈઝેશન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કર તથા ભ્રષ્ટાચાર વિરોધી મુદ્દાઓ પર કામ કરવા માંગે છે. તેના ચાર આધાર સ્તંભ છે, વેપાર, સપ્લાય ચેઈન, સ્વચ્છ અર્થતંત્ર અને વાજબી અર્થતંત્ર. ભારત વેપાર સ્તંભનો ભાગ નથી. IPEF ક્લીન ઈકોનોમી ઈન્વેસ્ટર ફોરમ IPEF હેઠળની એક પહેલ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં આર્મ્ડ ફોર્સિસ મેડિકલ સર્વિસીસ (AFMS)એ સંશોધન અને તાલીમ પર સહયોગ કરવા માટે કયા IIT સાથે MoU પર હસ્તાક્ષર કર્યા છે ? – IIT હૈદરાબાદ
2. તાજેતરમાં કઈ સંસ્થાએ 'DRDO–ઈન્ડસ્ટ્રી–એકેડિમિયા સેન્ટર ઓફ એક્સેલન્સ'ની સ્થાપના કરી છે ? – IIT કાનપુર
3. Goldman Sachs અનુસાર 2024માં ભારત માટે સુધારેલ GDP વૃદ્ધિનું અનુમાન શું છે ? – 6.7%
4. ભારતની નિકાસ વસ્તુઓમાં સ્માર્ટફોને કયો ક્રમ હાંસલ કર્યો છે ? – ચોથો
5. સાયબર સિક્યુરિટી કોન્કલેવનું _____ માં આયોજન કરવામાં આવ્યું હતું. – નવી દિલ્હી
6. કઈ અવકાશ એજન્સીએ પૃથ્વીના ધ્રુવોનો અભ્યાસ કરવા માટે સ્મોલ ક્લાઈમેટ સેટેલાઈટ લોન્ચ કર્યો છે ? – NASA
7. તાજેતરમાં _____ એ 2024 પેરિસ ઓલિમ્પિક ગેમ્સમાં સ્થાન મેળવનાર પ્રથમ ભારતીય પુરુષ બોક્સર બનીને ઈતિહાસ રચ્યો હતો. – નિશાંત દેવ
8. કયા રાજ્યની શાળાના પાઠ્યપુસ્તકોમાં AI શિક્ષણની રજૂઆત કરવામાં આવી છે ? – કેરળ
9. _____ હાઈકોર્ટે મહિલા કર્મચારીઓ માટે માસિક રજાની નીતિનો અમલ કરીને અગ્રેસર દાખલો બેસાડ્યો છે, જે આવું કરનાર ભારતની પ્રથમ હાઈકોર્ટ બની છે. – સિક્કિમ
10. _____ એ ગુડલેપ્પા હલ્લિકેરી એવોર્ડ 2024 જીત્યો છે. – સિદ્ધલિંગા પટ્ટનશેટ્ટી
11. તાજેતરમાં ISROએ એડિટિવ મેન્યુફેક્ચરિંગ દ્વારા ટકાઉ અવકાશ સંશોધન માટે કઈ કંપની સાથે સહયોગ કર્યો છે ? – વિપ્રો 3D
12. _____ રાજ્યએ 10 બિલિયન ડોલર વિશ્વ બેંક દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવેલ એર ક્લીન પ્રોજેક્ટ શરૂ કર્યો છે. – હરિયાણા
13. માઉન્ટ કાનલાઓન તાજેતરમાં સમાચારમાં હતો, તે કયા દેશમાં આવેલો છે ? – ફિલિપાઈન્સ
14. તાઈવાન એથ્લેટિક્સ ઓપન 2024માં નયના જેમ્સે _____ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. – લાંબી કુદ
15. 'થિસમિયા મલયાના' તાજેતરમાં ચર્ચામાં હતું, તે શું છે ? – છોડની નવી પ્રજાતિ
16. તાજેતરમાં કઈ કંપનીએ ડ્રાઈવર સમુદાય માટે 'સારથી સુરક્ષા નીતિ' શરૂ કરી છે ? – અશોક લેલેન્ડ
17. તાજેતરમાં હિન્દી સાહિત્ય ભારતી એવોર્ડ 2024 કોને મળ્યો છે ? – કૃષ્ણ પ્રકાશ
18. તાજેતરમાં 21મો 'શાંગરી–લા ડાયલોગ' કયાં સમાપ્ત થયો હતો ? – સિંગાપોર

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# MAINS PRACTICE QUESTIONS :
## બંધારણ

1. બંધારણીય લોકશાહી સત્તાના વિભાજનના સિદ્ધાંત પર આધારિત છે. – વિગતવાર સમજાવો.
2. આમુખમાં 'ન્યાય' શબ્દ ભારતીય બંધારણની વિવિધ જોગવાઈઓ અન્વયે સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય વર્ણવે છે – ચર્ચા કરો.
3. રાજ્યસભાના અધ્યક્ષ તરીકે ભારતના ઉપરાષ્ટ્રપતિની ભૂમિકાની ચર્ચા કરો.
4. બંધારણના સિદ્ધાંતોને જાળવી રાખવામાં ન્યાયિક સમીક્ષાના મહત્ત્વની ચર્ચા કરો.
5. ભારતનું બંધારણ કેવી રીતે સમાન અધિકારો પ્રદાન કરે છે – ચર્ચા કરો.
6. ભારતના રાષ્ટ્રપતિ કયા સંજોગોમાં નાણાકીય કટોકટી જાહેર કરી શકે છે ? જ્યારે આવી ઘોષણા અમલમાં રહે છે ત્યારે કયા પરિણામો આવે છે ?
7. ભારતના બંધારણની વિશેષતાઓ જણાવી કોઈપણ બે વિશેષતાઓ વિશે નોંધ લખો.
8. ભારતના બંધારણમાં મૂળભૂત અધિકારો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો વચ્ચેનો તફાવત જણાવો.
9. ભારતીય લોકશાહીને વધુ સફળ બનાવવા માટે ચૂંટણી પ્રક્રિયામાં કયા કયા સુધારાઓની જરૂરિયાત છે ? – ચર્ચા કરો.
10. ભારતીય બંધારણમાં સામાજિક ન્યાયને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય નીતિના નિર્દેશક સિદ્ધાંતોના મહત્ત્વની ચર્ચા કરો.

**નોંધ : દર અંકમાં અલગ–અલગ વિષયના મેઈન્સ પરીક્ષા માટેના 10 પ્રેક્ટિસ પ્રશ્નો મૂકવામાં આવશે.**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®




**નોંધ : લોકસભા ચૂંટણી 2024ની અત: થી ઈતિ સંપૂર્ણ માહિતી આવતા અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.**

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT